

## બ્રહ્મભવન ખાતે આનંદનો ગરબો અને સ્તોત્રગાન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગરના શ્રી સમસ્ત બ્રહ્મસમાજની મહિલા પાંખ દ્વારા વિવેક ચેરીટેબલ ટ્રસ્ટના સહકારથી ચૈત્રિ નવરાત્રી નિમિત્તે આંદના ગરબાનું અને માતાજી તેમજ ભગવાન રામચંદ્રના સ્તોત્રગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્રહ્મભવન ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં ૨૭ બહેનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં જ્યોતિબેન થાનકી ઉપસ્થિત રહ્યા હતા અને બહેનોને ઉપયોગી માહિતી આપી હતી. બહેનોએ આ કાર્યક્રમમાં ઉત્સાહ અને ભક્તિભાવથી ભાગ લીધો હતો. જેનાથી તેમની ધાર્મિક ભાવનામાં ખુબ જ વધારો થવા પામ્યો હતો. શ્રીમતિ મીનળબેન ઓઝા અને ડૉ. પ્રવીણભાઈ ઓઝાએ પણ ઉપસ્થિત રહી બહેનોનો ઉત્સાહ વધાર્યો હતો.

# ગાંધીનગર જિલ્લાના વધુ બે યુવાનો એટીએમ પીન નંબર આપી છેતરાયા

### સ્ટેટ બેંકના કસ્ટમર કેરમાંથી બોલુ છુ, તમારૂ એટીએમ કાર્ડ અસુરક્ષિત થવાથી અમે પીન નંબર બદલ્યો છે કહી છેલ્લે ગ્રાહક પાસેથી ચાલુ પીન નંબર જાણી લેવાય છે : ઈન્ટરનેટ બેંકીંગ કે ઓનલાઈન શોપીંગથી નાણાં ઉપડતા હોવાથી પોલીસ પણ લાચાર બની

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર અને જિલ્લામાં અજાણ્યા શખ્સો દ્વારા બેંકના કસ્ટમર કેરમાંથી બોલુ છુ કહી ભોળા ખાતેદારો પાસેથી એટીએમ પીન નંબર જાણી લઈ તેમના પૈસા ઉપાડી લેવાના કિસ્સા ખૂબ જ વધી જવા પામ્યા છે. તાજેતરમાં જ છાલા ગામના બે યુવાનોને આ રીતે ભોળવી લગભગ રૂપિયા ૨૩૦૦૦ ની ઉઠાંતરીની ફરિયાદ ચિલોડા પોલીસ સ્ટેશને નોંધાતા પોલીસ પણ ચોંકી જવા પામી હતી.

સ્ટેટબેંક ઓફ ઈન્ડીયાના ખાતેદારો પર ગુજરાતી અને હિન્દીમાં વાત કરતા અજાણ્યા શખ્સો દ્વારા તમારૂ એટીએમ કાર્ડ અસુરક્ષિત છે તેથી અમે તેનો પાસવર્ડ બદલી નાંખ્યો છે તેવુ કસ્ટમર કેરના અધિકારી તરીકે કહેતા હોવાનું જણાવે છે. ગ્રાહકને તેનો ખાતા નંબર પુછી વેરીફીકેશનનો ડોળ કરી વાતોમાં ભોળવી છેલ્લા 'બાય ધ વે તમારો જુનો પીન નંબર શું હતો ?' તેવુ પુછીને પીન નંબર જાણી લેવામાં આવે છે. ગ્રાહક જેવો પીન નંબર જણાવે કે તેની બીજી જ ઘડીએ તેના ખાતામાંથી પૈસા ડેબીટ થવા માંડે છે. આથી ગ્રાહકને છેતરાવાની ખબર પડે તે પહેલા તે લુંટાઈ ચુક્યો હોય છે. ફોન કરતી વખતે આ લોકો ગ્રાહકનુ નામઠામ પોતે જણાવે છે જેથી ગ્રાહક તેમના પર સહેલાઈથી વિશ્વાસ કરી બધી વિગતો આપી દે છે.

ચિલોડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.જે. પંડ્યા સાહેબે આ ઘટનાની વિગતો આપતા જણાવ્યું કે હાલમાં લગભગ દરેક પોલીસ સ્ટેશનમાં આ પ્રકારના ગુનાની ફરિયાદો વધી ગઈ છે. પૈસા કોઈ એટીએમ દ્વારા ઉપાડવામાં આવતા નથી પરંતુ કોઈ નેટબેંકીંગ દ્વારા કે ઓનલાઈન પરચેજીંગ દ્વારા પૈસા ડેબીટ થતા હોવાથી ચોરોને પકડવુ મુશ્કેલ બન્યું છે. કેટલાક કિસ્સામાં મોબી-વર્લ્ડ અને એરટેલ રિચાર્જ જેવા ટ્રાન્ઝેક્શન સાથે પૈસા ડેબીટ થયાનું જાણવામાં આવ્યું છે. વળી જે નંબર પરથી ગ્રાહકને ફોન આવ્યો હોય તે નંબર પર રી-ડાયલ કરીએ તો પણ તે નંબર અસ્તિત્વમાં નથી તેવો સંદેશો સાંભળવા મળે છે.

આ પ્રકારની ગુનાખોરી ડામવા પહેલા ગ્રાહકોએ પોતે જ સતર્ક બનવુ પડશે અને કોઈપણ ફોન કરનારને ક્યારેય પોતાના ખાતાની વિગતો અને એમાં પણ ખાસ કરીને એટીએમનો પીન નંબર આપવો નહી તે યાદ રાખવુ જરૂરી છે. બેંકો દ્વારા પણ અવારનવાર ગ્રાહક હિતમાં આ મતલબની જાહેરાતો કરવામાં આવે છે. તેથી ગ્રાહકની સજાગતા જ તેને બચાવી શકશે. જો કે આ ગુનાખોરી સામે પોલીસની લાચારીથી હજુ વધુ સંખ્યામાં ભોળા નાગરિકો છેતરાવાનો અને આવા તત્વોને છુટ્ટો દોર મળવાનો ભય ઉભો થયેલ છે.

### ગાંધીનગરનો યુવાન સમયસૂચકતાના કારણે લૂંટાતા સ્હેજમાં બચ્યો

ગાંધીનગર સેક્ટર-૩-એ-ન્યુ માં રહેતા કિરણ ટંડેલ નામના યુવાનની પત્નિ ધર્મિષ્ઠાબેન ગોતા ખાતે શિક્ષિકાની નોકરી કરે છે તેમના પર પણ કોઈ રાહુલ શર્માના નામથી ફોન આવ્યો હતો. જેમણે વાતોમાં ભોળવી એટીએમ પીન નંબર પુછી લીધો હતો. જો કે ધર્મિષ્ઠાબેને તુરંત જ તેમના પતિને જાણ કરતા કિરણ ટંડેલે પોતે એટીએમની નજીકમાં જ હોવાથી તુરંત ખાતામાંથી પોતે જ પહેલા બધા પૈસા ઉપાડી લીધા હતા અને ત્યારબાદ બેંકમાં જાણ કરીને પોતાનુ એટીએમ કાર્ડ બ્લોક કરાવી દીધુ હતુ. આમ આ યુવાનની સમયસૂચકતાના કારણે તેના રૂપિયા ચોરાતા બચી જવા પામ્યા હતા.

# કેન્દ્ર સરકારની નવી રાષ્ટ્રીય કૃષિ વિમા યોજનાનો કિસાન સંઘ દ્વારા તીવ્ર વિરોધ

### યોજનાને ખેડૂત વિરોધી ગણાવી ખેડૂત આગેવાનો અને સહકારી સંસ્થાઓને વિરોધ નોંધાવવા હાકલ કરી

ગાંધીનગર, તા. ૬

ભારતીય કિસાન સંઘ દ્વારા કેન્દ્ર સરકારે જાહેર કરેલી નવી રાષ્ટ્રીય કૃષિ વિમા યોજનાને ખેડૂત વિરોધી ગણાવી તેની તીવ્ર વિરોધ કર્યો છે. આ યોજનામાં રહેલા તમામ પાસાઓનો અભ્યાસ કરીને ઘણા સમયથી કિસાન સંઘ દ્વારા રજૂઆતો કરાઈ હતી.

નવી રાષ્ટ્રીય કૃષિ વિમા યોજનાને કિસાન સંઘે સંપૂર્ણ સર્વગ્રાહી અને કિસાનો માટે હિતકારી ન હોવાનું જણાવી તેનો તીવ્ર વિરોધ કર્યો છે. વિમો લેવો કે ન લેવો એ કોઈપણ વ્યક્તિના સ્વાતંત્ર્ય પર આધારીત નિર્ણય લેવાની બાબત હોવાનું જણાવતા કિસાન સંઘે આ યોજનામાં ઉંચા પ્રિમીયમ દરો અને ફરજિયાત ધોરણે દાખલ ઉપરાંત માત્ર શાખ પત્રક મંજૂર થયાથી જ પ્રમિયમ કપાઈ જવા સહિતના મુદ્દાઓ ખેડૂત વિરોધી હોવાનો દાવો કર્યો છે.

આ યોજના બાબતે કિસાન સંઘે સખત વિરોધ નોંધાવવાની સાથે સાથે ગુજરાતની તમામ સહકારી સંસ્થાઓ, અગ્રણીઓ, ગ્રામ, તાલુકા અને જિલ્લા એકમો દ્વારા સક્રીય થઈ તાકીદે વિરોધ નોંધાવવા અપીલ પણ કરી છે. ખેડૂત સંગઠનો અને કાર્યકરોને પણ તા. ૧૦મી એપ્રિલ પહેલા મોટી સંખ્યામાં વિરોધ નોંધાવવા ગુજરાતના ખેતી નિયામકને ફેક્સ કરવા હાંકલ કરી છે.



ગાંધીનગરમાં ગંદકીએ નહીં હટવાનું જાણે વ્રત લીધું હોય તેમ અત્ર.. તત્ર.. સર્વત્ર છે. અભિયાનો ગમે તેટલા થાય, સાધનો ગમે તેટલા વધારાય, નાણાં ગમે તેટલા ફળવાય, પણ ગંદકી તો ત્યાંની ત્યાં જ. ચરેડી વિસ્તારમાં પ્લાસ્ટીકના ઢગલે ઢગલાં ગંદકીની શોભામાં વધારો કરે છે.

# આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઋતુરાજ મહેતા આજે ફોર્મ ભરશે

### તમામ સેક્ટરોમાં રેલી નિકાળીને શહેરની સમસ્યાઓનું નિરાકરણ લાવી આપવા આશ્વાસન આપ્યુ



ગાંધીનગર, તા.૬

આમ આદમી પાર્ટીના ગાંધીનગર લોકસભા બેઠકનાં ઉમેદવાર ઋતુરાજ મહેતા કાર્યકરો સાથે રાખીને બાઈક અને કાર રેલી નિકાળી શહેરના તમામ સેકટરોમાં ફર્યા હતાં. શહેરની સમસ્યાઓનું નિરાકરણ લાવી આપવાનું શહેરીજનોને આશ્વાસન આપવામાં આવ્યું હતું. ઉમેદવાર ઋતુરાજ મહેતા સોમવારે ઉમેદવારી નોંધાવશે.

આમ આદમી પાર્ટીના અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ અને ગાંધીનગર લોકસભા બેઠકના ત્રણેય ઉમેદવારો સોમવારે ઉમેદવારી ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવશે. ગાંધીનગર બેઠકના ઉમેદવાર ઋતુરાજ મહેતા સવારે ૧૧ વાગ્યે ઉમેદવારી નોંધાવશે. ગાંધીનગરમાં આજે રવિવારે ઋતુરાજ મહેતાએ તથા તેમના કાર્યકરોએ બાઈક-કાર રેલી યોજી હતી. સવારે ૮.૩૦ વાગ્યે સેકટર-૧ ગાયત્રી મંદિરથી શરુ કરેલી રેલી તમામ સેકટરોના રીંગરોડ તથા શોપીંગ સેન્ટરમાં ફરી હતી. ઉમેદવાર ઋતુરાજ મહેતાએ લોક સંપર્ક કરી ગાંધીનગર શહેરની સમસ્યાઓ જાણી હતી અને તે સમસ્યાઓનું નિરાકરણ લાવી આપવા આશ્વાસન પણ આપ્યું હતું.

# જલારામ ધામે રામ જન્મોત્સવ સાથે રક્તદાન શિબિર

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સેક્ટર-૨૯ ખાતે આવેલ સુપ્રસિદ્ધ જલારામ મંદિર ખાતે તા. ૮મી એપ્રિલે રામનવમીના દિવસે રામજન્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવસે વિવિધ ધાર્મિક કાર્યક્રમની સાથે રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

રામનવમીના પાવન પ્રસંગે જલારામધામમાં સવારે ૮.૩૦ વાગે ભગવાન શ્રી રામચંદ્રજીની પૂજનવિધિ કરાશે ત્યારબાદ જલારામ બાપાની પણ પૂજન વિધિ કરાશે. સવારે ૧૦.૩૦ વાગે રઘુવંશી ધ્વજવંદન યોજાશે ત્યારબાદ સંકિર્તન કરાશે અને બરાબર બપોરે ૧૨ વાગે રામ જન્મોત્સવ તથા મહાઆરતી કરવામાં આવશે. આ મહા આરતીનો લાભ સર્વે ભાવિક ભક્તોને મળશે.

આ ઉપરાંત જલારામ ધામે સવારે ૯ થી ૧ વાગ્યા દરમ્યાન રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ રક્તદાન શિબિર ગાંધીનગરની બ્લડબેંક અને સિવિલ હોસ્પિટલના સહયોગથી યોજાશે. આ રક્તદાન શિબિરને સફળ બનાવવા યુવાનોને હાંકલ કરાઈ છે. તમામ ધર્મપ્રેમી જનતાને પણ રામ જન્મોત્સવમાં ભાગ લેવા અને રક્તદાન જેવી સેવાકીય પ્રવૃત્તિમાં સહકાર આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# પ્રાંતિયા પાસે ટ્રકની પાછળ ટ્રક ઘુસી જતાં કલીનરનું મૃત્યુ

### વહેલી સવારે બનેલી ઘટના : ટ્રક મુકીને આરોપી ફરાર

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક નરોડા-ચિલોડા હાઈવે પરથી પસાર થતી ટ્રક બીજી એક ટ્રક પાછળ ઘુસી જતા ગમખ્વાર અકસ્માત પ્રાંતિયા પાટીયા પાસે સર્જાયો હતો. આ અકસ્માતમાં ટ્રકમાં બેસેલા એક કલનીરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. ડભોડા પોલીસે ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા આરોપી ટ્રક ચાલકની શોધખોળ શરુ કરી છે.

નરોડા-ચિલોડા હાઈવે પર બેફામ ગતિએ નીકળેલી ટ્રક આગળ જતી બીજી ટ્રકની પાછળ ધડાકાભેર ઘુસી જતાં વહેલી સવારે આશરે સાડા પાંચ વાગ્યાના અરસામાં જબરદસ્ત અકસ્માત સર્જાયો હતો. માણસા વિહાર ચોકડી પાસે રહતો કિલનર જવાનજી જોયતાજી મારવાડીનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. આરોપી ટ્રક ચાલક ટ્રક મુકીને ફરાર થઈ ગયો હતો. હાલાજી મારવાડીની ફરિયાદને આધારે ડભોડા પોલીસે ગુનો નોંધી સિનિ. પી.એસ.આઈ. એસ. બી. વાઘેલાએ વધુ તપાસ શરુ કરી છે.

# ચિલોડા ખાતે વીજ કરંટથી મૃત્યુ પામનાર હોમગાર્ડઝ જવાનના પરિવારને અવસાન નિમિત્તે કુલ ૭,૦૩,૦૦૦ની માતબર રકમની સહાયના ચેક અર્પણ

ચિલોડા, તા.૬

ગાંધીનગર તાલુકાના મુખ્ય પ્રવેશદ્વારે અશ્વમેઘ કોમ્પ્લેક્ષ ખાતે તા. ૨૯-૪-૨૦૧૩ના રોજ રાત્રી ફરજ દરમિયાન ચોરી કરવા આવેલ શખ્સોને પકડવા જતાં ચિલોડા યુનિટ કચેરીના હોમગાર્ડઝ સભ્યશ્રી વિક્રમસિંહ રઘુસિંહ બિહોલાનું વીજ કરંટ લાગતા કરુણ મોત નિપજયું હતું.

જયારે મૃતક પરિવારે મોભી ગુમાવતા ભારે દુઃખની લાગણી પ્રસરી જવા પામી હતી. માનવતાના રાહે ચિલોડા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીએ રૂ. ૨૫,૧૦૧ની રકમ, ચિલોડા હોમગાર્ડઝ સબ યુનિટના જવાનોએ એક દિવસનો પગાર આપી રૂ.૨૧,૧૧૧ની રકમ તથા હોમગાર્ડઝ વેલફેર ફંડમાંથી રૂ. ૫,૦૦,૦૦૦ તથા ૧૫મી માર્ચ તથા ૩જી એપ્રિલે હોમગાર્ડઝ વેલફેર એન્ડ બન્વોલેન્ટ ફંડ તેમજ એકસ ગેસીયા સહાયના રૂ. ૧,૦૦,૦૦૦ તથા જૂથ વિમામાંથી રૂ. ૪૨,૦૦૦ વેલ્ફેર ફંડ સહાયમાંથી રૂ. ૧૦,૦૦૦ની રકમની આર્થિક સહાયના ચેકો અર્પણ કરી માનવતાની મહેંક પ્રસરાવી છે.

આમ સ્વ. વિક્રમસિંહ બિહોલાના અવસાન બાદ તેમના પરિવારને કુલ રૂ. ૭,૦૩,૦૦૦ની રકમની સહાય મળતાં ખૂબ આભારની લાગણી અનુભવી રહ્યા છે તેવું ચિલોડા સાર્જન્ટ પ્લાટુન શ્રી બાબુભાઈ એન. જાદવે જણાવ્યું છે.

# સિ.સિ.કા.ની મહિલા પાંખ દ્વારા ગરબાનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૬

સિનિયર સિટિઝન કાઉન્સિલ મહિલા પાંખ અને અખિલ ભારતીય સ્વાસ્થ્ય સંઘ દ્વારા આજ રોજ સોમવારે ચૈત્રી નવરાત્રી નિમિત્તે માતાજીની આરાધના અને ગરબાનો કાર્યક્રમ બપોરે ૪-૦૦ કલાકે ગાયત્રી મંદિર સેકટર-૧ ખાતે રાખવામાં આવેલ છે. જેમાં સંસ્થાનું સભ્યપદ ધરાવતી બહેનોએ હાજર રહેવા મીનાબેન શાહે જણાવ્યું છે.

# આજે સે-૩-સીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૬

મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા શ્રીમતી મધુબેન કડીકરના સુર મધુર કંઠે તા. ૭મી એપ્રિલ સોમવારે સેકટર-૩-સીમાં પ્લોટ નં. ૬૫૪/૧ દમુબેન એમ. નાયકને ત્યાં બપોરે ૨.૩૦ થી ૫.૩૦ વાગ્યા દરમિયાન આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે ધર્મપ્રેમી ભકતોને તેનો લાભ લેવા નિમંત્રણ આપવામાં આવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૦
સૂર્યાસ્ત : ૬.૫૫

## તાપમાન

મહત્તમ : ૩૭.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૫ ટકા ● સાંજે ૧૭ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
મે તેરા હીરો : ૧૨.૩૦,૩.૨૦,૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
કેપ્ટન અમેરિકા (અંગ્રેજી) ૩ડી : ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
યંગીસ્તાન : ૧.૩૦, ૧૦.૦૦
ક્વીન : ૪.૦૦ ● રાઉડી (તેલુગી) : ૭.૦૦
: સ્ક્રીન-૪ :
મે તેરા હીરો : ૧૦.૦૦, ૧૨.૩૦
જલ : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
મે તેરા હીરો : ૧૨.૩૦
ક્વીન : ૪.૦૦ ● જલ : ૭.૦૦
યંગીસ્તાન : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
કેપ્ટન અમેરિકા : ૧૦.૧૦, ૧.૧૦, ૪.૧૦, ૭.૧૦, ૧૦.૧૦
: સ્ક્રીન-૨ :
કેપ્ટન અમેરિકા (હિન્દી) : ૯.૧૦
રાગીની એમએમએસ-૨ : ૧૨.૧૦
વીસ્કી ઈસ રીસ્કી : ૨.૫૦
યંગીસ્તાન : ૫.૦૦ ● જલ : ૭.૪૦
મે તેરા હીરો : ૧૦.૨૫
: સ્ક્રીન-૩ :
મે તેરા હીરો : ૯.૧૫, ૧૨.૧૦, ૨.૪૦, ૫.૨૫, ૮.૧૦, ૧૦.૫૫
: સ્ક્રીન-૪ :
મે તેરા હીરો: ૮.૧૦, ૧૦.૪૦, ૧.૨૫, ૪.૧૦, ૬.૫૫, ૯.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ઢીશકીયાં : ૧૦.૪૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ઓ- તેરી : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
યંગીસ્તાન : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫
રાગીની એમએમએસ-૨ : ૪.૧૫, ૧૦.૨૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
મે તેરા હીરો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
કેપ્ટન ઓફ અમેરિકા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
જલ : ૧૧.૦૦, ૭.૦૦
વીસ્કી ઈઝ રીસ્કી : ૨.૦૦, ૧૦.૦૦
રાગીની એમ.એમ.એસ. : ૪.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજ :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : કુટુંબીજનનો સાથ-સહકાર મળી રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન અને ધાર્મિક કાર્યો થઈ શકે છે.

**વૃષભ** : આરોગ્યલક્ષી આહાર લેવો. પેટ સંબંધી બિમારી થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે.

**મિથુન** : સમાજ અને રાજકીયક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થવાની સંભાવના છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

**કર્ક** : વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

**સિંહ** : કલાત્મક કાર્યનો પ્રારંભ થશે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યપાર- વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો.

**કન્યા** : માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહેશે.

**તુલા** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. વ્યાપારક્ષેત્રમાંનવા આયોજનો થઈ શકશે. નવા સંબંધો બંધાશે.કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી.

**મીન** : કુટુંબમાં મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. આપ ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. વ્યાપાર અને વ્યવસાયિકક્ષેત્રના કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. દશરથલાલ લલ્લુરામ ઠાકોર (ઉ.વ. ૮૭) પ્લોટ નં. ૩૬૪/૨, સેકટર-૪/બી, ગાંધીનગર.
- સ્વ. દિપાબેન ખોડાજી ઠાકોર (ઉ.વ. ૭૦) મુ.પો. વડનગરપરા, તા. કલોલ, ગાંધીનગર.